પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૧૫૯, કુલ પાનાઃ૪, તારીખઃ ૦૧-૦૩-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 159 PRICE :-RS. 1.50 DATE : 01-03-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### દાહોદમાં બૂથ કેપચરિંગનો પ્રયાસ તો વિરમગામમાં બે જૂથ વચ્ચે મારામારી

## સ્થાનિક ચૂંટણી: જિલ્લા-તાલુકા પંચાયતમાં સરેરાશ ૫૫ ટકાથી વધુ મતદાન



★ ૩૧ જિલ્લા પંચાયતમાં સરેરાશ ૫૨.૯૬ ટકા, ૨૩૧ તાલુકા પંચાયતમાં સરેરાશ ૫૫.૩૪ ટકા અને ૮૧ નગરપાલિકાઓમાં સરેરાશ ૫૦.૩૪ ટકા ટકા જેટલું મતદાન નોંધાયું છે.

★ બે માર્ચે પરિણામ જાહેર થશેઃ છ મનપામાં ભગવો લહેરાયો છે ત્યારે મંગળવારે સ્પષ્ટ થઈ જશે કે ગ્રામીણ મતદારો કોંગ્રેસ પર ભરોસો રાખે છે કે નહિ.

ગાંધીનગર,

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આજે ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૮૧ નગરપાલિકા માટે મતદાન યોજાયું હતું. જેમાં વહેલી સવારથી જ મતદાન કેન્દ્રો પર મતદાતાઓની લાંબી કતારો જોવા મળી હતી. મતદાન પ્રક્રિયા સાંજે છ વાગ્યા સુધી ચાલી હતી. કુલ ૨૨૧૭૦ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં કેદ થઈ ગયા છે. આ ચૂંટણીનું પરિણામ બે માર્ચે એટલે કે મંગળવારે જાહેર થશે. મતદાન પૂર્ણ થવા આવ્યું ત્યાં સુધી ૩૧ જિલ્લા પંચાયતમાં સરેરાશ ૫૨.૯૬ ટકા મતદાન નોંધાયું છે. તો ૨૩૧ તાલુકા પંચાયતમાં કુલ ૫૫.૩૪ ટકા નોંધાયું છે અને ૮૧ નગરપાલિકામાં મતદાનની વાત કરીએ તો કુલ ૫૦.૩૪ ટકા મતદાન નોંધાયું છે. સૌથી વધારે ડાંગમાં મતદાન નોંધાયું છે.

વાત કરવામાં આવે તો છ મહાનગપાલિકાની ચૂંટણીમાં થયેલ મતદાન કરતાં ગામડાઓ સવાયા સાબિત થયા હોય તેવું દેખાઈ રહ્યું છે. મોટા ભાગની જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં મતદાન સારું નોંધાયું છે.

વિવિધ જિલ્લા પંચાયતોની કુલ ૨૫ બેઠકો બિનહરીફ, વિવિધ તાલુકા પંચાયતોની ૧૧૭ બેઠકો બિનહરીફ, વિવિધ નગરપાલિકાઓની ૯૫ બેઠકો બિનહરીફ થઈ છે. વિરમગામ નગરપાલિકા ચૂંટણીના બુથ બહાર મારામારી બે જુથ વચ્ચે પથ્થર મારાની ઘટના બની હતી. વોર્ડ-૮ના એમ.જે.આઈસ્કૂલ બહાર ભાજપ અને અપક્ષ ઉમેદવારોના ટોળા વચ્ચે મારામારી થઈ હતી. પોલીસે લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. પાલનપુર અને વિરમગામમાં ભાજપ તેમજ અપક્ષના કાર્યકરો વચ્ચે મારામારીની ઘટના સામે આવી છે. બંન્ને પક્ષો એકબીજાને લાતો મારતા જોવા મળ્યા હતા. સ્થિતિ પર કાબુ મેળવવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. આજે જિલ્લા, તાલુકા અને નગરપાલિકાની ચૂંટણીમાં અનેક સ્થળોએ ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. પંચમહાલના કાલોલ તાલુકા શક્તિપુરા વસાહત ૨ માં મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો. મતદાનને અડધો દિવસ વીત્યા બાદ પણ મતદાન મથકમાં એક પણ વોટ પડ્યો નથી. નર્મદા ડેમના વિસ્થાપીતોને આ મથકમાં વસાવવામાં આવ્યા છે. સ્થાનિકોને એક પણ સરકારી યોજનાઓનો લાભ નથી મળતો. ત્યારે પ્રાથમિક સુવિધાઓના અભાવ અને જમીન પોતાના નામે નહિ સ્થાનિકોએ વિરોધ વ્યક્ત કર્યો છે.

વલસાડના ઉમરગામ તાલુકાના નારોગલ ગામના લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો. સ્થાનિક લોકો દ્વારા મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. બે દિવસ પહેલા ગામમાં લગ્નમાં ડીજે વગાડવા બાબતે પોલીસ દ્વારા હેરાનગતિ કરવામાં આવી હતી. જેથી ગુસ્સે થયેલા ગામજનોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. રાજ્યમાં બે દિવસ અગાઉ મહાનગર પાલિકાની ચૂંટણીઓ યોજાઈ જેમાં ભાજપને પોતાની શાખ યથાવત રાખવામાં સફળતા મળી છે. જ્યારે કોંગ્રેસને મોટો ફટકો પડ્યો છે. સુરતમાં તો કોંગ્રેસ પોતાનું ખાતું પણ નથી ખોલાવી શકી. આવામાં આપ એક નવા પક્ષ તરીકે ગુજરાતમાં એન્ટ્રી કરી છે. અને પંચાયતની ચૂંટણીમાં શું થાય છે તેના પર સૌની નજર છે. આ ચૂંટણીઓ રાજ્યના રાજકરણ પર ખૂબ મોટી અસર પાડી શકે છે. જેનાથી આગામી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલા જ જનતાનો મૂડ પરખાઈ જશે.

## કચ્છ અને છોટા ઉદેપુરમાં બોગસ મતદાનની ઉઠી ફરિયાદ




કચ્છ,


ગુજરાતમાં રાજ્યની ૮૧ નગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયતો, ૨૩૧ તાલુકા પંચાયતોની સામાન્ય તથા ૨૩ નગરપાલિકા અને ૩ તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે આજે સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થઈ ગયું હતું. સવારે ૭ વાગ્યાથી લઈને સાંજે ૬ વાગ્યા સુધી મતદાન કરવામાં આવ્યું હતું. રાજ્યના અનેક વિસ્તારોમાંથી બોગસ વોટિંગની ફરિયાદો ઉઠી હતી.

કચ્છના સામખીયાળીમાં મહિલાનું બોગસ મતદાન થયું હોવાની વાત સામે આવી છે. ૮૦ વર્ષીય વૃદ્ધા મતદાન કરવા આવતા બોગસ વોટિંગ થયું હોવાનો ખુલાસો થયો છે. આ ઘટનાની ત્યારબાદ મતદાન મથકના પ્રિસાઈડિંગ ઓફિસરને જાણ કરાઈ હતી. પરંતુ સમગ્ર ઘટના મામલે પ્રિસાઈડિંગ ઓફિસરે મૌન સેવ્યું હતું. પોતાનો કિંમતી મત ગુમાવતા મહિલા રોષે ભરાઈ હતી.

છોટાઉદેપુર જિલ્લામાં નસવાડીના રાયણઘોડા મતદાન મથક પર બોગસ મતદાન થતા હોબાળો મચ્યો છે. ટીનીબેન ભીલ નામની મહીલાના નામે બોગસ કોઈ અન્ય એ જ મતદાન કરી નાખ્યું છે. ટીનીબેન જ્યારે મતદાન મથક ઉપર પહોંચી ત્યારે તેમનું મતદાન થઈ ગયું હોવાનું જણાવતા ટીનીબેન ચોંકી ગઈ હતી. મામલો બીચકતા મતદાન મથક ઉપર હોબાળો મચ્યો હતો. હોબાળા બાદ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા અને સાચા મતદારને ટેન્ડર વોટથી મતદાન કરાવવામાં આવ્યું. ફરજિયાત ઓળખ કાર્ડ ચેક કરી મતદાન કરવાનું હોવા છતાં કોઈ અન્ય વ્યક્તિ બોગસ મતદાન કરી જાય તેવી ગંભીર બેદરકારી સામે આવી છે.

## ગુજરાતમાં દારૂબંધી મામલે આજે હાઈકોર્ટમાં સુનાવણી





અમદાવાદ,

ગુજરાતમાં દારૂબંધી હોવાછતાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ થાય છે. મોટા શહેરોમાં તો બુટલેગરો હોમ ડિલીવરી પણ પુરી પાડત થયા છે. તો માફિયાઓ અવનવા અખતરા અજમાવી ગુજરાતની સરહદે દારૂ ગુસવાડવાનો પ્રયત્ન કરે છે જેમાં ઘણીવાર સફળતા મળે છે તો ઘણીવાર પકડાઈ જાય છે. હાલમાં ગુજરાતમાં ચૂંટણીનો માહોલ હોવાથી દારૂની ડિમાન્ડ વધી છે. જ્યારે જ્યારે ચૂંટણી નજીક આવતી હોય છે દારૂની ડિમાન્ડ વધી જતી હોય છે. તાજેતરમાં ગુજરાતમાંથી દારૂબંધી હટાવવા મુદ્દે પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આક્રમક તેવર બતાવી ચૂક્યા છે. તેઓ ગુજરાતમાંથી દારૂબંધી હટાવવાના પક્ષમાં છે. આ વિશે અનેકવાર તેઓ જાહેરમાં બોલી ચૂક્યાં છે. ત્યારે હવે ગુજરાતમાં દારૂબંધીની છૂટ આપવા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અભિયાન શરૂ કર્યું છે, જેમાં તેઓએ ગુજરાતીઓને સ્પષ્ટ વાત પૂછી છે કે,

શું તમે પણ દારૂબંધીની ખોટી નીતિનો વિરોધ કરો છો? આ ઉપરાંત તેઓએ દારૂબંધીની વિરુદ્ધમાં એક અભિયાન પણ શરૂ કર્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઈંઅગેન્સ્ટલીકરબેનચેલેન્જ હેશટેગ સાથે લોકોનો મત માંગ્યો હતો. ત્યારબાદ અનેક લોકો દારૂબંધી હટાવવાની માંગ કરી રહ્યા છે ત્યારે એક જૂથ એવું પણ છે કે જે દારૂબંધી યથાવત રાખવા માંગ કરી રહ્યું છે અને દારૂબંધી નહિ

(અનુ.પાના.નં.૨)

## અમેરિકામાં માત્ર એક જ ડોઝથી અસરદાર કોરોનાની રસીને મંજૂરી



વોશિંગ્ટન,

મોર્ડન અને પિત્ઝર બાદ અમેરિકામાં ત્રીજી કોરોનાવાયરસ રસીને મંજૂરી મળી ગઈ છે. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને શનિવારના રોજ જોન્સન એન્ડ જોન્સનની રસીને મંજૂરી આપી દીધી છે. જેએન્ડજેની રસી બે ડોઝની જગ્યાએ એક જ ડોઝથી અસરદાર છે. અમેરિકામાં જ્યારે ૫ લાખથી વધુ લોકોના મોત કોરોના વાયરસના લીધે થઈ ચૂકયા છે ત્યારે વેક્સીનેશનને ઝડપી કરવા માટે આવી રસીની કાગડોળે રાહ જોવાય રહી હતી, જેનો એક જ ડોઝ પૂરતો હોય.

એફડીએની પેનલે એકમતથી વેક્સીનને ક્લિયર કરી અને કહ્યું કે ગંભીર બીમારી, હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂરિયાત અને મોતની આશંકાને ઘટાડવામાં રસી અસરદાર જણાઈ છે. તેનાથી શરીરમાં સુરક્ષા પેદા થાય છે. ત્રીજી રસી મળવાથી વેક્સીનેશનલ પ્રોગ્રામમાં તેજીની આશા વધી ગઈ છે. કહેવાય છે કે હવે દેશમાં દરેક વયસ્કને વેક્સીનેટ કરી શકાશે.

જેએન્ડજેની વેક્સીનનું પરીક્ષણ ત્રણ મહાદ્વીપોમાં કરાયું હતું. અમેરિકામાં ગંભીર બીમારીની વિરૂદ્ધ ૮૫.૯ ટકા, દક્ષિણ આફ્રિકામાં ૮૧.૭ ટકા અને બ્રાઝીલમાં ૮૭.૬ ટકા સુરક્ષા મળી. ખાસ વાત એ છે કે આ દેશોમાં વાયરસના નવા વર્ઝન જોવા મળ્યા છે જે ચિંતાનું કારણ બન્યું છે. આ વર્ઝન પહેલાંની સરખામણીમાં વધુ સંક્રમક છે. પરીક્ષણમાં માત્ર ૨.૩ ટકા ગંભીર સાઈડ ઈફેક્ટ જોવા મળી. તેના માટે અડેનોવાયરસની મદદથી પ્રોટીનને શરીરમાં પહોંચાડાય છે આથી ઈમ્યુન રિસ્પોન્સ પેદા થાય છે.

અત્યાર સુધીની આકરણી પ્રમાણે જૂનના અંત સુધીમાં ૧૦ કરોડ ડોઝ ઉપલબ્ધ થઈ શકે છે પરંતુ જેએન્ડજેએ માન્યું છે કે આ મહિનાની શરૂઆતમાં ૩૦ થી ૪૦ લાખ ડોઝ તાત્કાલિક ઉપલબ્ધ થઈ શકે છે. રાષ્ટ્રપતિ જો બાઈડેને એફડીએની મંજૂરીને અમેરિકા માટે ઉત્સાહજનક સમાચાર ગણાવ્યા છે.

### પાકિસ્તાન મરીને પોરબંદરની ૩ બોટ, ૧૮ માછીમારોના અપહરણ કર્યા

## એક જ મહિનામાં બીજી અપહરણની ઘટનાથી માછીમારોમાં રોષ



પોરબંદર,

પાક મરીન સિક્યુરીટી દ્વારા વારંવાર ભારતીય જળસીમા નજીક થી ગુજરાતની ફિશિંગ બોટોના અપહરણ કરવાની ઘટના સામે આવે છે ત્યારે વધુ એક વખત ભારતીય જળસીમા નજીકથી ૩ બોટના અપહરણ થયા છે. આ અંગે પોરબંદર માછીમાર અગ્રણી મનીષભાઈ લોઢારીએ જણાવ્યું હતું કે ભારતીય જળસીમા નજીક સૌરાષ્ટ્ર ની કેટલીક ફિશિંગ બોટો ગ્રુપ માં ફિશિંગ કરી રહી હતી ત્યારે એકાએક પાક મરીન સિક્યુરીટી ની શીપ ત્યાં ધસી આવી હતી અને બંદુકના નાળચે ત્રણ બોટ અને તેમાં રહેલા ૧૮ જેટલા ખલાસીઓના

(અનુ.પાના.નં.૨)

## ઈસરોએ એમેજોનિયા સહિત ૧૮ સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કર્યા



શ્રીહરિકોટા,

ભારતના ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ યાન દ્વારા રવિવારે ૧૯ ઉપગ્રહ અંતરિક્ષમાં મોકલવામાં આવ્યા છે. ભારતીય રોકેટ પીએસએલવી-સીપ૧ને રવિવારે સવારે ૧૦.૨૪ મિનટ પર આંધ્રપ્રદેશના શ્રીહરિકોટામાં સ્થિત સતીશ ધવન સ્પેસ સેન્ટરમાંથી એક લોન્ચ પેડના સહારે રવાના કરવામાં આવ્યું છે. આ રોકેટથી ૬૩૭ કિલોના બ્રાઝીલિયાઈ ઉપગ્રહ અમેઝોનિયા-૧ સહિત ૧૮ અન્ય સેટેલાઈટ્સ પણ અંતરિક્ષમાં મોકલાઈ રહ્યાં છે. તેમાંથી ૧૩ અમેરિકાના છે. આ જ મિશનમાં ઈસરોએ અંતરિક્ષમાં ભગવદ ગીતા અને વડાપ્રધાન મોદીની તસવીર મોકલી છે.

૨૦૨૧માં ભારતનું આ પ્રથમ અંતરિક્ષ અભિયાન જીન્ફ રોકેટ માટે ઘણુ લાંબુ હશે, કારણ કે તેને ઉડવાની સમય સીમા ૧ કલાક ૫૫ મિનિટ અને ૭ સેકન્ડની હશે. રવિવારે સવારે રોકેટના લોન્ચિંગની સાથે જ ભારત તરફથી લોન્ચ કરવામાં આવેલા વિદેશી સેટેલાઈટની કુલ સંખ્યા ૩૪૨ થઈ ગઈ છે.

ઈસરો ૨૮ ફેબ્રુઆરીએ પીએસએલવી-સીપ૧ રોકેટથી બ્રાઝીલના સેટેલાઈટ અમેઝોનિયા-૧ અને ત્રણ ભારતીય સેટેલાઈટ/ પેલોડ લોન્ચ કર્યા છે. આ ત્રણેય ભારતીય સેટેલાઈટ ભારતના જ સ્ટાર્ટઅપ્સ દ્વારા વિકસિત કરવામાં આવ્યા છે. તેના નામ આનંદ, સતીશ ધવન સેટેલાઈટ અને યુનિટી સેટ છે. સતીશ ધવન સેટેલાઈટને સ્પેસ કિડ્સ ઈન્ડિયા નામના સ્ટાર્ટઅપે બનાવ્યું છે. તેમાં ભગવદ ગીતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો અને નામ પણ સામેલ છે.

સ્પેસ કિડ્સ ઈન્ડિયાના સીઈઓ ડૉ. કેસને કહ્યું કે, અમારા જેવા સ્ટાર્ટઅપને મોકો આપવો જોઈએ. તેથી અમે ઘણાં લોકોના નામ મંગાવ્યા હતા. અમારી પાસે અંદાજે ૨૫ હજાર નામ છે, જેમાંથી ૧૦૦૦ નામ ભારતની બહારના લોકોના છે. હવે આ નામ સેટેલાઈટ દ્વારા અંતરિક્ષમાં જશે. તેમાં વડાપ્રધાન મોદીનું નામ અને ફોટો સેટેલાઈટના ઉપરની પેનલ પર છે. આ પહેલીવખત છે જ્યારે ભારતની ખાનગી કંપનીના સેટેલાઈટમાં લોકોના નામ અંતરિક્ષમાં જઈ રહ્યા છે. ઈસરોના જણાવ્યા મુજબ, અમેજોનિયા-૧ ઉપગ્રહની મદદથી એમેઝોન ક્ષેત્રમાં વનોની કાપણી અને બ્રાઝીલમાં કૃષિ ક્ષેત્ર સંબંધિત અલગ-અલગ વિશ્લેષણો માટે યુઝર્સને રિમોટ સેન્સિંગ ડેટા આપીને હાલની વ્યવસ્થાને વધુ મજબૂત કરવાનું કામ કરવામાં આવશે.

૧૮ અન્ય સેટેલાઈટ્સમાં ચાર ઈન સ્પેસ છે. તેમાંથી ત્રણ ભારતીય શૈક્ષણિક સંસ્થાનોના સંઘ યુનિટીસેટ્સના છે, જેમાં શ્રીપેરંબદુરમાં સ્થિત જેપ્પિઆર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, નાગપુરમાં સ્થિત જીએચ રાયસોની કોલેજ ઓફ એન્જિનિયરિંગ અને કોઈમ્બતુરમાં સ્થિત શ્રીશક્તિ ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી સામેલ છે. એકનું નિર્માણ સતીશ ધવન સેટેલાઈટ સ્પેસ કિડ્ઝ ઈન્ડિયા દ્વારા કરવામાં આવ્યું છે અને ૧૪ એનએસઆઈએલના છે.

## મહારાષ્ટ્રના પૂણેમાં ૧૪ માર્ચ સુધી સ્કૂલો-કોલેજો અને કોચિંગ ક્લાસિસ બંધ

પૂણે,

દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ ફરી વધી રહ્યુ છે. ખાસ કરીને મહારાષ્ટ્ર અને કેરાલા જેવા રાજયોમાં કોરોના સંક્રમણમાં વધારો થયો છે. મહારાષ્ટ્રમાં સ્થિતિ વધારે ખરાબ થઈ રહી છે અને વધી રહેલા કેસને ધ્યાનમાં રાખીને પૂણેમાં ૧૪ માર્ચ સુધી સ્કૂલો, કોલેજ અને કોચિંગ ક્લાસને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના સંખ્યાબંધ મોટા શહેરોમાં કોરોના વાયરસનુ સંક્રમણ ઝડપથી વધી રહ્યુ છે અને અનેક જિલ્લમાં કોરોનાના કેસ સામે આવી રહ્યા છે. ત્યારે પ્રશાસન વધારે સતર્ક બની રહ્યુ છે. પૂણે શહેરમાં મેયરે સ્કૂલો, કોલેજો અને કલાસીસ બંધ કરવાનો આદેશ આપી દીધો છે. બીજી તરફ પૂણેમાં સવારે ૧૧ થી ૬ સુધીનો રાત્રી કરફ્યુ પણ લાગૂ કરવામાં આવ્યો છે.

પૂણેનુ જોઈને મહારાષ્ટ્રના બીજા શહેરોમાં પણ આ પ્રકારનો નિર્ણય લેવાય તેવી શક્યતાઓ છે. ભારતમાં સતત ત્રીજા દિવસે કોરોનાના ૧૬૦૦૦થી વધુ કેસ સામે આવ્યા છે અને છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૩ લોકોના કોરોનાથી મોત થઈ ચુક્યા છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી નવીધરી અ. સેવા સહ. મં. લી.

મુ. નવીધરી, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

દેડકી હુસેનભાઈ એહમદભાઈ

મુ. સરસાવ, તા. ગોધરા

# મહીસાગરવાસીઓએ ઉત્સાહભેર મતદાનમાં ભાગ લીધો



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, આજે તા.૨૮-૨૦૨૧ના રોજ મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૧ સંદર્ભે યોજાયેલ મતદાન દરમિયાન મહીસાગરવાસીઓમાં મતદાન કરવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો.

આજે તા.૨૮મીના રોજ યોજાયેલ મહીસાગર જિલ્લા-તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓમાં પહેલી વખત મતદાન કરનાર યુવા મતદારો સહિત સીનિયર સિટીઝનોમાં પણ મતદાનને લઈ ઉત્સાહિત હતા.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કોવિડ-૧૯ની ગાઈડલાઈનને અનુસરીને તમામ મતદાન મથકોને મતદાન પહેલાં સેનેટાઈઝ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તમામ મતદાન મથકોએ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે મતદાન મથકો ઉપર ગોળ કુંડાળા કરવામાં આવ્યા હતા. જયારે આરોગ્ય કર્મચારીઓ દ્વારા મતદાન મથકે આવી પહોંચતા મતદાન કરવા જતા પહેલાં મતદાતાઓનું થર્મલ ગનથી ચેકીંગ કરવામાં આવતું હતું. જયારે મતદારો પણ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવા માટે સહયોગ આપી રહેલા જોવા મળ્યા હતા. અને મતદાન આપવા આવનાર મતદાતાઓ માસ્ક પહેરીને જ મતદાન કરવા આવતા પણ જોવા મળી રહ્યા હતા.

મહીસાગર જિલ્લામાં કેટલાંક મતદાન મથકોએ લાંબી કતારો પણ જોવા મળી હતી.

મતદાન મથકો ઉપર મહિલાઓ અને પુરૂષો માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સીનિયર સિટીઝન અને દિવ્યાંગ મતદારો માટે પણ અલાદયી વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ઉપરાંત મતદાન દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક આર. પી. બારોટના માર્ગદર્શન હેઠળ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. અને પોલીસના જવાનો પણ દરેક મતદાન મથકો ઉપર તૈનાત કરવામાં આવ્યા હતા. જેઓએ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તેમની ફરજો સુપેરે નિભાવી હતી. આમ, મહીસાગર જિલ્લામાં એકંદરે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા.

### મહિસાગર જીલ્લાની ૬ તાલુકા પંચાયત માટે થયેલ મતદાન

| તાલુકા | બેઠકો | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| લુણાવાડા | ૨૬ | ૫૩૩૮૨ | ૪૬૯૭૧ | ૧૦૦૩૫૩ | ૫૭.૬૪ |
| ખાનપુર | ૧૬ | ૨૩૩૯૯ | ૨૧૮૦૧ | ૪૫૨૦૦ | ૬૦.૫૮ |
| સંતરામપુર | ૨૮ | ૫૧૭૧૨ | ૫૦૭૩૫ | ૧૦૨૪૪૭ | ૫૮.૦૪ |
| કડાણા | ૨૦ | ૩૨૩૫૬ | ૩૧૧૩૪ | ૬૩૪૯૦ | ૬૮.૮૯ |
| બાલાસિનોર | ૧૮ | ૨૮૯૩૧ | ૨૬૩૧૫ | ૫૫૨૪૬ | ૬૬.૬૬ |
| વિરપુર | ૧૮ | ૨૭૨૦૪ | ૨૫૫૪૯ | ૫૨૭૫૩ | ૬૮.૯૩ |

### મહિસાગર જીલ્લા પંચાયતની ૨૮ બેઠકો માટે થયેલ મતદાન

| | બેઠકો | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| મહિસાગર | ૨૮ | ૨૧૬૯૮૪ | ૨૦૨૫૦૫ | ૪૧૯૪૮૯ | ૬૧.૯૮ |

## લોકશાહીને મજબુત કરવા માટે વૃદ્ધ મતદારની વાતે ઉપસ્થિત ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનોમાં મતદાન કરવા પ્રેરિત કર્યા



લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છતાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાય રહયું હતું. ત્યારેઆપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદારઆ હેતુને સાકાર કરવા તાલુકા મથકો અને ગ્રામ્ય વિસ્તારના ગ્રામજનો અને મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. તે અનુસંધાને લુણાવાડા તાલુકાના ગોવિંદપુરા-મલેકપુર ગામના ૭૨ વર્ષના વાલજીભાઈ પટેલ પોતાના મતાઅધિકારનો ઉપયોગ કરવા મતદાન મથક પર પહોંચયા હતા. તેઓ મતદાન કરી બહાર આવતા તેમને પુછતાં વાલજીભાઈએ જણાવ્યું હતુ કે લોકશાહીને મજબુત કરવા માટે ભારતના સંવિધાનમાં દરેક નાગરીકને મતાધિકારનો હક આપવામાં આવ્યો છે. મતદાનનુ મહત્વ તેઓ સારી રીતે જાણે છે એટલે તેમણે સૌને પોતાના મતાધિકારનો સમજણપૂર્વક ઉપયોગ કરવા દરેક નાગરિકને અપીલ કરી હતી. જેથી વિશ્વની સહુ થી મોટી આપણી લોકશાહીને આપણે જીવંત રાખી શકીએ. વધુમાં તેઓએ જણાવ્યું કે આ ચુંટણીમાં કોવિડ-૧૯ ગાઈડ લાઈનનું સંપૂર્ણપણે પાલન કરી મતદાન કરીએ જેથી આપણે કોરોના સામે પણ રક્ષણ મેળવી શકીએ. તેમની આ વાત સાંભળી ત્યાં ઉપસ્થિતગ્રામજનો મતદાન કરવા પ્રેરિત કર્યા હતા.

## સંતરામપુર તાલુકામાં જીલ્લા અને તાલુકા પંચાયતની બેઠકો માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું

સંતરામપુર, સંતરામપુર તાલુકામાં જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ૨૮ બેઠકો માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું. સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં કોરોના ડરને લઈમતદારોમાં ઉત્સાહ જોવા મળ્યો ન હતો. સંતરામપુર તાલુકામાં સ્થાનિક સ્વરાજની જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ૨૮ બેઠકો માટે મતદાન યોજાંયુ હતું. સંતરામપુર તાલુકામાં ૨૨૫ મતદાન મથકો ઉપર યોજાયેલ મતદાન મથરો ઉપર ૪૫ થી ૫૦ ટકા મતદાન નોંધાવા પામ્યું છે. સંતરામપુર તાલુકાના મતદાન મથકોમાં બપોર બાદ મતદાન મથકો સુમસાન જોવા મળ્યા. સરકારની ગાઈડ લાઈન મુજબ આવતા મતદારોને માસ્ક વિતરણ કરાયું અને સેનેટાઈઝરનો ઉપયોગ સાથે મતદારોએ મતદાન કર્યું હતું. સંતરામપુર તાલુકાના મતદાન મથકોમાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થયું હતું.

## લુણાવાડા માલતલાવડીના મતદારોએ મતદાનનો બહિષ્કાર કર્યો

લુણાવાડા, લુણાવાડા તાલુકાના માલતલાવડી ગામના ગ્રામજનો સ્થાનિક સ્વરાજની ચુંટણી મતદાનનો બહિષ્કાર કરવામાં આવ્યો. ગામના એક પણ મતદારે મતદાન કર્યું નથી.

મહિસાગર જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચુંટણી માટે આજરોજ મતદાન યોજાવામાં આવ્યું હતું. જેમાં જીલ્લાભરમાં વહેલી સવાર થી મતદારો એ ભારે ઉત્સાહ થી મતદાન કર્યું હતું. જ્યારે લુણાવાડા તાલુકાની માલતલાવડી ગામનું મતદાન મથક પાંચ કિલોમીટર જેટલું દુર લઈ જવામાં આવ્યું હોય જેને લઈ ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો. મતદાન મથક દુર ખસેડવાને લઈ ગામના મતદારો એ મતદાન બહિષ્કાર કર્યો હતો. મતદાન બહિષ્કારના નિર્ણયને લઈ અધિકારી વર્ગ ગામના મતદારોને સમજાવીને મતદાન કરવા અપીલ કરી હતી. તેમ છતાં માલતલાવડી ગામના મતદારો એ સંપૂર્ણ બહિષ્કાર કરી એકપણ મત નાખવામાં આવ્યો નથી.

# મહીસાગર જિલ્લામાં આજથી સીનિયર સિટીઝનોને કોરોનાની રસી આપવામાં આવશે

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ બાદ હવે જિલ્લાના સીનિયર સિટીઝનોને રસીકરણ કરવાના કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે. જિલ્લામાં તા.૧લી માર્ચ થી ૪૨ સરકારી દવાખાનાઓ પરથી આ રસીકરણના કાર્યક્રમનો આરંભ થશે.

મહીસાગર જિલ્લામાં આગામી તા. ૧લી માર્ચથી સીનિયર સિટીઝનના આ રસીકરણનો પ્રારંભ કરવાની સાથે જિલ્લાની અંદાજિત ૧,૦૬,૦૪૧ વસતિને આવરી લેવામાં આવશે. આ અંતર્ગત PMJAY સાથે સંકળાયેલ ખાનગી હોસ્પિટલ તેમજ સરકારી દવાખાનાઓ સહિત કુલ-૪૯ વેકિસનેશન સેન્ટર ઉભા કરવામાં આવ્યા છે.

આ રસીકરણ કાર્યક્રમ અંતર્ગત સરકારી દવાખાનાઓમાં વિનામૂલ્યે રસી આપવામાં આવશે. જયારે ખાનગી દવાખાનાઓમાં આ માટે રૂા.૨૫૦/- ચાર્જ લેવામાં આવશે. આ રસીકરણનો લાભ લેવા જિલ્લાની તમામ વ્યકિતઓએ કોવિન સોફટવેર પર અથવા તો આરોગ્ય સેતુ એપ્લીકેશન દ્વારા પોતાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન, રસીકરણનું સ્થળ, તારીખ અને સમય નકકી કરી શકશે.

આ તમામ કેન્દ્રો પર બપોરના ૧૨-૦૦ થી ૫-૦૦ સુધી રસી મૂકાવી શકાશે તેમ મહીસાગર-લુણાવાડાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એસ. બી. શાહે જણાવી જિલ્લાની કોઈપણ વ્યકિત કે જેમને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા તમામ વ્યકિતઓ નજીકના વેકિસનેશન સેન્ટર પર જઈ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી રસી લઈ શકશે તેમ કહ્યું છે.

## સંતરામપુરના ગોઠીબ જીલ્લા પંચાયત બેઠક બીજેપી ઉમેદવાર દ્વારા કોંગ્રેસના ટેકેદાર પર જીવલેણ હુમલો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાની ગોઠીબ જિલ્લા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારે ચૂંટણીની પૂર્વ રાત્રિના કોંગ્રેસના ટેકેદારો ઉપર જીવલેણ હુમલો કર્યો ઘવાયેલા ૩ વ્યક્તિઓને મધ્યરાત્રિ બાદ કોટેજ હોસ્પિટલ સંતરામપુર ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા.

ગોઠીબ જિલ્લા પંચાયતના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર પ્રકાશભાઈ કટારા તેમજ તેઓના પૂત્ર કલ્પેશ કટારા તેમજ શંકર માનસિંગ તાવિયાડ સુરેશ પગજી તેમજ રામસિંગ વિરસિંગ સહિતના લોકોએ ભેગા મળીને ઈનોવા ગાડી નંબર જિજે.૩૫ ૩૧૨૩ માં આવ્યા હતા અને જિલ્લા પંચાયતની ચૂંટણીની અદાવત રાખીને મોટા અંબેલા ગામના વિક્રમભાઈ કેહરાભાઈ પારગી સંતુભાઈ ઘનાભાઈ તેમજ પારગી ભરત અખમભાઈ નવો પર હથિયારો સાથે હુમલો કરી હાથ-પગ તોડી નાખી માથામાં મારતાં ઘવાયા હતા જેઓને ૧૦૮ મારફતે રાત્રીના એક વાગ્યે સંતરામપુર સ્ટેટ હોસ્પિટલ ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં કોંગ્રેસના જિલ્લા પંચાયત ના ઉમેદવાર હરજીવનભાઈ પટેલ સહિત અગ્રણીઓ દોડી આવી ઘવાયેલાઓને સારવાર કરાવી પોલીસને આ બાબતે જાણ કરી હતી.

## મહીસાગર જિલ્લામાં આજે ૩ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાના ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષે કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૮-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૮૯ કેસ પોઝીટીવ નોધાયા છે. આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૯૭ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૧૩૧૭૫૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૫ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૩૮ દર્દી હોમ આઈસોલેશન અને ૦૪ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૨ દર્દીઓ સ્ટેબલ અને ૦૫ દર્દીઓ ઓક્સિજન પર છે.

## પંચમહાલ જિલ્લામાં મતગણતરી મથકો ખાતે મોબાઈલ સહિતના ઈલેક્ટ્રોનિક સાધનો પર પ્રતિબંધ

ગોધરા, પંચમહાલ જિલ્લામાં જિલ્લા/તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ તથા ગોધરા-શહેરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ અંતર્ગત તા. ૦૨/૦૩/૨૦૨૧ના રોજ મતગણતરી યોજાનાર છે. મુક્ત અને ન્યાયી રીતે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થાય તેમજ સુલેહ શાંતિનો ભંગ થતો અટકાવી શકાય તે માટે પંચમહાલ જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા (આઈ.એ.એસ.) દ્વારા સને ૧૯૭૩ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ મુજબ મળેલ સત્તાની રૂએ તા. ૦૨/૦૩/૨૦૨૧ના રોજ મત ગણતરી સ્થળે (ખંડ)માં સવારના ૦૭.૦૦ થી ચૂંટણી પરિણામો જાહેર થતા સુધીના સમયગાળા માટે કોઈ પણ વ્યક્તિ આ મથકોની ૧૦૦ મીટરની મર્યાદાની અંદર મોબાઈલ, સેલ્યુલર ફોન, પેજર, કોર્ડલેસ ફોન અને વાયરલેસ સેટ/વોકી ટોકી, લેપટોપ સાથે લઈ જઈ શકશે નહીં અથવા તેનો ઉપયોગ કરી શકશે નહીં. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે તેમ આ જાહેર હુકમમાં જણાવાયું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૧-૦૩-૨૦૨૧, સોમવાર, મહા વદ-બીજ, સૂર્યોદય-૬-૪૬, સૂર્યાસ્ત-૬-૨૦, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્ર: ઉત્તર ફાલ્ગુની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

**(પાન નં.૧ નું ચાલુ)**

**ગુજરાતમાં દારૂબંધી મામલે.....**

હટાવવા મુદ્દે નામદાર કોર્ટમાં અપીલ કરી છે. દારૂબંધીના નવા કાયદાને રદ નહી કરવા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે.

જો દારૂબંધીનો કાયદો રદ થશે તો રાજયની સામાજીક અને કાયદાની વ્યવસ્થા ખોરવાઈ જશે તેવી રજૂઆત કરવામાં આવી છે. જેના કારણે દારૂડિયા ખુલ્લેઆમ દારૂ પીને રસ્તા પર નીકળશે અને મહીલાઓ અને બાળકો સલામત નહી રહે. આ અંગે વધુ સુનાવણી ૧લી માર્ચે હાથ ધરાશે. ગાંધીનગરના એક તબીબ સહિત એક મહિલાએ પણ ગુજરાતમાંથી દારૂબંધીનો કાયદો રદ કરવા માટે નામદાર કોર્ટમાં અરજી કરી છે. જેનો વિરોધ કરતી અરજી હાઈકોર્ટમાં કરવામાં આવી છે. આ અરજીમાં એવી રજુઆત કરાઈ છે કે, દારૂબંધીના નવા કાયદામાં સજાની કડક જોગવાઈઓ છે તેના લીધે લોકોમાં ડર રહે છે. જો તે હટી જશે તો અન્ય રાજયોની જેમ અહી પણ ગુનાખોરી વધશે. આમ લોકોમાં દારૂબંધી મામલે વિરોધાભાસ જોવા મળી રહ્યો છે.

**એક જ મહિનામાં બીજી.....**

અપહરણ કરી કરાચી તરફ લઈ જવાયા છે. અપહરણમાં ૨ પોરબંદરની ફિશિંગ બોટ અને ૧ વેરાવળની ફિશિંગ બોટ હોવાનુ જાણવા મળે છે. અપહરણ કરાયેલ બોટો ના કે ખલાસીઓ ના નામ હજુ સુધી જાણી શકાયા નથી. ગત તા. ૧૩ના રોજ પાક મરીન સિક્યુરિટી દ્વારા પણ સૌરાષ્ટ્રની ૩ બોટ અને ૧૭ માછીમારોના અપહરણ કર્યા હતા જેમાં પોરબંદરની ૨ બોટ હતી. માછીમારોમા રોષ ભભૂકી ઉઠ્યો છે.

## પંચમહાલ જિલ્લામાં આજથી ૬૦ વર્ષથી વધુ વયની વ્યક્તિઓને રસી આપવાનો પ્રારંભ

ગોધરા, આરોગ્ય સેવાઓ, પોલિસ અને તંત્રના અન્ય ફ્રન્ટલાઈન વોરિયર્સને રસીકરણ બાદ રસીકરણના આગામી તબક્કાના ભાગરૂપે ૬૦ વર્ષથી વધુ વયના વ્યકિતઓને મફત રસીકરણની શરૂઆત કરવામાં આવશે. ૪૫ વર્ષથી ૫૯ વર્ષના ગંભીર બિમારીઓથી પીડાતા વ્યક્તિઓને પણ વિનામૂલ્યે રસી આપવામાં આવશે, જો કે તે માટે તેમણે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર્સ (આરએમપી)નું તેઓ કોઈ પણ આરોગ્યલક્ષી બિમારીઓ પૈકી એક બિમારીથી પીડિત હોવા અંગેનું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. હૃદય, લિવર, કિડની, હાઈબીપી, કેન્સર સહિતની ગંભીર બિમારીઓથી પીડિત દર્દીઓને પ્રમાણપત્ર રજૂ કરવા પર આ રસી વિનામૂલ્યે મળવાપાત્ર થશે. આવી વ્યક્તિઓ પોતાના મોબાઈલમાં કોવિન-૨૦ એપ્લીકેશન ડાઉનલોડ કરીને સીધુ રજિસ્ટ્રેશન કરાવી શકે તેમજ રસીકરણના સ્થળે પણ રજિસ્ટ્રેશન કરાવી શકશે. તે માટે તેઓએ ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ કે અન્ય ફોટાવાળું ઓળખપત્ર સાથે લઈ જવાનું રહેશે. આ રસી જિલ્લાની ૧૧ સી.એચ.સી., ૪૨ જેટલી પબ્લિક કોવિડ-૧૯ વેક્સીનેશન સેન્ટર તેમજ ગોધરામાં પી.ટી. મીરાણી, ઓર્થોપિડીક, સનરાઈઝ હોસ્પિટલ, હાલોલમાં જાન્હવી ઓર્થોપેડિક અને નંદ હોસ્પિટલ તેમજ કાલોલમાં પુજા હોસ્પિટલ એમ ૬ ખાનગીર વેકિસનેશન સેન્ટર ખાતે આ કામગીરી હાથ ધરવામાં આવશે.

## પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણના નવા ૦૩ કેસ મળ્યા

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોરોના સંક્રમણના નવા ૦૩ કેસ મળી આવ્યા છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની કુલ સંખ્યા ૪૦૨૬ થવા પામી છે. જિલ્લામાં સક્રિય કેસોની કુલ સંખ્યા વધીને ૪૬ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. આજે મળી આવેલ કેસો પૈકી ૦૨ કેસ ગોધરા શહેરના તેમજ ૦૧ કેસ ઘોઘંબા ગ્રામ્યમાંથી મળી આવ્યો છે. શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૯૪૯ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં કેસોની કુલ સંખ્યા ૧૦૭૭ થવા પામી છે. જ્યારે આજે ૦૩ દર્દીઓને સારવાર બાદ સ્વગૃહે પરત ફરવા રજા આપવામાં આવી છે. હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૮૩૯ થવા પામી છે.

## માર્ચ, એપ્રિલ બે માસ દરમિયાન પાવાગઢના ફાયરિંગ રેન્જમાં અનધિકૃત વ્યક્તિના પ્રવેશ ઉપર પ્રતિબંધ

ગોધરા, પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરિંગ રેન્જમાં આગામી માર્ચ અને એપ્રિલ-૨૦૨૧ના બે માસ દરમિયાન સુરક્ષા દળના જવાનો દ્વારા ફાયરિંગ પ્રેક્ટિસ યોજાવાની હોઈ આ દરમિયાન આ વિસ્તારમાં કોઈ પણ અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતો જાહેર હુકમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.લ.બી.બાંભણિયા (જી.એ.એસ.) દ્વારા ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે મળેલી સત્તાની રૂએ કર્યો છે. આ હુકમનો ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## દાહોદ કલેક્ટરએ ITI દાહોદ ખાતે મતદાન કર્યું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, કલેક્ટર વિજય ખરાડીએ ઝાલોદ રોડ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા, દાહોદ ખાતેના મતદાન મથકે આજે સવારે મતદાન કર્યું હતું. મતદાન બાદ તેમણે જિલ્લાના તમામ ૧૮ વર્ષથી ઉપરના નાગરિકોને લોકશાહીના પર્વમાં જોડાવા આહ્વાન કર્યું હતું અને સૌ મતદાતાઓને ભયમુક્ત રહી અવશ્ય મતદાન કરવા જણાવ્યું હતું.

## દૈનિક રાશીફળ

**તા.૦૧.૦૩.૨૦૨૧ સોમવાર**

મેષ (અ.લ.ઈ.) :- ઈનસિકયોરીટી ફિલીંગથી દૂર રહેજો તમારા કાર્યોને વળગી રહેવાની સલાહ છે ધાર્મિક કાર્ય થાય.

વૃષભ (બ.વ.ઉ.) :- તમારા મહેનતનું ફળ મલવાનું છે અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા માતાનો સહકાર રહે.

મિથુન (ક.છ.ઘ.) :- વાણી વર્તનને લઈને સારો લાભ મલવાનો કર્જમં રાહત, વિદેશનો પ્રવાસ શકય બને.

કર્ક (ડ.હ.) :- ઉત્સાહ વધે તેવા સમાચાર મલે કઠિન કાર્યોમાં પણ સફળતા મલવાની આર્થિક લાભ રહે.

સિંહ (મ.ટ.) :- નિર્ણયો બાબત સાવધાની રાખવી. નાની વ્યકિતને પણ પ્રોત્સાહિત કરજો મિલ્કતથી લાભ.

કન્યા (પ.ઠ.ણ.) :- વાદ વિવાદથી દૂર રહેજો, રાજકીય વ્યકિતથી લાભ, નોકરીમાં પ્રમલશનના ચાન્સ ઉભા થાય.

તુલા (ર.ત.) :- ઉત્સાહ જળવાઈ રહે. નાણાકીય બાબતોમાં કોઈ ઉપર ભરોષો ન રાખવો. વિદેશથી લાભ રહે. માતુશ્રીનો સહકાર રહે.

વૃશ્ચિક (ન.ય.) :- ન ધારેલી વ્યકિતનો સહકાર રહેશે. નોકરીમાં પ્રમોશન પગાર વધારો થાય રાજકીય લાભ રહે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :- મહત્વના કાર્યોમાં ધ્યાન આપો આવક કર્તા ખર્ચ ન વધે તે બાબત જરૃરી રહે. યાત્રા પ્રવાસથી લાભ.

મકર (ખ.જ.) :- વ્યવસાયમાં નવી યોજના બાબત સફળતા રહે. વિજાતીય મિત્રતા ગાઢ બને પ્રતિષ્ઠમાં વધારો થાય.

કુંભ (ગ.શ.સ.) :- સ્કૂર્તિ જળવાઈ રહે તે બાબત તકેદારી રાખવી જરૃરી ભાઈ-બહેનોથી સાથે સહકાર સાર રહે. નવી યોજનામાં લાભ.

મીન (દ.ચ.ઝ.) :- પિતાશ્રીનો સહકાર સારો રહે. મિલ્કતની વેંચાણ બાબત કોઈ ઉતાવળ ન કરવી. નોકરીમાં લાભ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લાની સ્થાનિક સ્વરાજની તાલુકા અને જીલ્લા પંચાયતમાં ૬૦ ટકા જેટલું મતદાન નોંધાયું

દાહોદ, દાહોદ શહેર સહિત જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ વચ્ચે મતદાનનો પ્રારંભ થયો છે. ત્યારે સવારના ૭ થી ૯ ના સમયગાળા દરમિયાન ૬.૩૨ ટકા મતદાન થવા પામ્યું છે.

## દાહોદ નગરપાલિકામાં ૫૮ ટકાની આસપાસ મતદાન થયું

ત્યારબાદ ૯ થી ૧૧ ના સમયગાળા દરમિયાન જિલ્લા તાલુકા પંચાયતમાં ૧૪.૨ % અને દાહોદ નગરપાલિકામાં ૧૮.૨ ટકા અને ઝાલોદ નગરપાલિકા માં ૨૬.૯૭ ટકા મતદાન નોંધાવા પામ્યું છે ત્યારે મળતી માહિતી પ્રમાણે સૌથી વધુ મતદાન લખણપુર માં ૧૨ .૧૪% થયું છે. જ્યારે સવારના સાત થી પાંચ વાગ્યા સુધી તાલુકા પંચાયતમાં ૫૮.૩૩ ટકા અને જિલ્લા પંચાયતમાં ૫૮.૮૬ ટકા મતદાન થવા પામ્યું હતું. બીજી તરફ અનેક સ્થળોએ ઈવીએમ ખડકાતા મતદારોને હેરાન પરેશાન થવાનો વારો પણ આવ્યો હતો ત્યારે સંલગ્ન તંત્ર દ્વારા ઈવીએમ મશીન ઓને તાત્કાલિક ઈવીએમ મશીનો બદલવાની કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. મળતી માહિતી પ્રમાણે સાંજના ૬ વાગ્યા બાદ દાહોદ નગરપાલિકામાં અંદાજે ૫૮ ટકા મતદાન થયું હોવાનું અનુમાન લગાવી શકાય તેમ છે જ્યારે જિલ્લા અને તાલુકા પંચાયતમાં અંદાજે ૬૦ ની આસપાસ મતદાન થવાની શક્યતા જણાઈ રહી છે ત્યારે હાલ સુધી કોઈ ચોક્કસ આંકડો ન મળતાં લોકોમાં મતદાનની ટકાવારી જાણવા ઉત્સુકતા જોવાઈ રહી છે.

દાહોદ જિલ્લામાં મતદાન શરૂ થઈ ચુક્યું દાહોદ જિલ્લા પંચાયતમાં અત્યારસુધીમાં ૮.૧૫ ટકા મતદાન થયું છે, સૌથી વધુ લખણપુરમાં ૧૨.૧૪ ટકા મતદાન થયું છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોવિડની માર્ગદર્શિકા પ્રમાણે મતદાન વેળાએ પણ આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે . જેથી મતદારોનું થર્મલ સ્ક્રીનીંગ કરીને તેમને સેનેટાઉઝેશન કરાવીને પછી મતદાન મથકમાં મોકલવામાં આવી રહ્યા છે. દાહોદ જિલ્લામાં ૬ મતદાન મથકોમાં ઈવીએમ ખોટકાતાં બદલવા પડ્યા છે . દાહોદ નગર પાલિકામાં શાંતિપૂર્ણ રીતે મતદાન શરૂ થઈ ચુક્યુ છે .૯ વોર્ડની ૩૬ બેઠકોની ચૂંટણી થવાની છે ત્યારે પ્રથમ બે કલાકમાં ૬.૩૨ ટકા મત નોંધાયુ છે. દાહોદ જિલ્લામાં શાંતિ પૂર્ણ રીતે મતદાન સરૂ થયુ હતું.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૬ ઠેકાણે EVM મશીન ખોટકાયાં

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પાંચ થી ૬ ઠેકાણે ઈવીએમ ખોટકાતાં બદલવા પડ્યા હોવાની માહિતી જિલ્લા ચુંટણી શાખામાંતી મળી છે.જેમાં દાહોદ તાલુકાના હિમાલામાં,લીમખેડામાં કુણધા અને પરમારના ખાખરીયા તેમજ ફતેપુરા તાલુકામાં નાની ઢઢેલી અને વાંદરિયા પૂર્વ તેમજ સંજેલીના કુંડાના એક મતદાન મથકમાં ઈવીએમ ખોટકાતાં તુરત જ તેને બદલીને મતદાન શરૂ કરી દેવાયુ હતું.જો કે ઈવીએમ ખોટકાવાને કારણે મતદાન પ્રભાવિત થયું ન હોવાનું પણ ચુંટણી શાખામાંથી જાણવા મળ્યુ છે.

## દાહોદના યુવા મતદાર જણાવે છે કે સૌ યુવાનોએ મતદાનમાં ઉત્સાહપૂર્વક જોડાવું જોઈએ



દાહોદ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં નવા મતદારો પણ ઉમંગભેર લોકશાહીના પર્વમાં મતદાન કરવા જોડાયા છે. ઘણા યુવાનો માટે આ મતદાનનો પ્રથમ અનુભવ છે. લોકશાહીના ઘડતર માટે ચૂંટણી તેમજ મતદાનનું મહત્વ સમજતા આ યુવાનો મોટી સંખ્યામાં મતદાન કરતા જોવા મળી રહ્યા છે. દાહોદ નગરના પડાવ રોડ ખાતેની રતનલાલ પન્નાલાલ પ્રાથમિક શાળા ખાતે મતદાન કરવા પહોંચેલા ૧૮ વર્ષના યુવા મતદાર યશ્વી વડવાલા જણાવે છે કે, મેં પ્રથમ વખત મતદાન કર્યું છે. મતદાન મથકે સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. સૌ યુવાન મતદારોએ લોકશાહીના આ પર્વમાં મતદાન આપીને પોતાનું યોગદાન આપવું જોઈએ. શિંગવડના તારમી ગામના મતદાન મથકે પ્રથમ વખત મતદાન કરનારા ૧૮ વર્ષના યુવા મતદાર રવિના બારીયા જણાવે છે કે આ મારૂ પ્રથમ મતદાન છે. મતદાન એ આપણી મહત્વની ફરજ છે. સૌ યુવાનોએ મતદાન કરીને દેશ પ્રત્યે પોતાની ફરજનું પાલન કરવું જોઈએ.

## ઝાલોદ તાલુકાના ઘોડીયા પ્રાથમીક શાળાના મતદાન મથકે બુથ કેપ્ચરીંગનો પ્રયાસ કરી ત્રણ વ્યક્તિઓએ EVM મશીનની કરી તોડફોડ : એક ઝડપાયો



ઝાલોદ, દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીમાં કેટલીક હિંસક ઘટનાને બાદ કરતાં ચુંટણી પર્વ શાંતિ પુર્ણ માહોલમાં પુર્ણ થવા પામ્યો છે. ત્યારે ઝાલોદ તાલુકાના ઘોડીયા પ્રાથમીક શાળા કેન્દ્ર ખાતે આવેલ મતદાન મથક પર સવારથી મતદાન શાંતિ પુર્ણ રીતે ચાલી રહ્યું હતું. ત્યારે બપોર બાદ ત્રણ વ્યક્તિઓ દ્વારા બુથ કેપ્ચરીંગનો પ્રયાસ હાથ ધરી બોગસ મતદાન કરવાના ઈરાદાથી આવેલા ઈસમોએ ઉગ્ર બોલાચાલી બાદ ત્રણેય યુવકોએ ઈ.વી.એમ. મશીનમાં તોડફોડ કરતાં મતદાન રોકી દેવામાં આવ્યું હતું.

આ સમગ્ર ઘટનાને પગલે એકક્ષણે ખળભળાટ મચી જવા પામ્યો હતો અને અફરા તફરીનો માહોલ પણ સર્જાઈ જવા પામ્યો હતો ત્યારે આ ઘટનાની દરમ્યાન એક વ્યક્તિને ઝડપી પાડવામાં પોલીસે સફળતા પ્રાપ્ત થઈ હતી જ્યારે બે વ્યક્તિઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યાં હતાં. ઘટનાને પગલે ચુંટણી અધિકારીઓ અને પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી ચુંટણી અધિકારીઓએ ડેટા રીકવર કરવાના પ્રયાસો હાથ ધર્યાં હતાં. જો કે, ડેટા રિકવર ના થાય તો આ અંગેનો આખરી નિર્ણય ચુંટણી અધિકારી પર છોડી દેવામાં આવ્યાં છે અને કદાચ આ મત વિસ્તારમાં પુનઃ મતદાન થઈ શકવાના એંધાણો પણ વર્તાઈ રહ્યાં છે. ઘટનાને પગલે પોલીસે બંન્ને બુથ કેપ્ચરીંગમાં સામેલ ફરાર ઈસમોના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ચુંટણીમાં આજ મતદાન મથકે બુથ કેપ્ચરીંગ સહિત તોડફોડની ઘટના બનવા પામી હતી જેને લઈને ઝાલોદ કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા પ્રાંત અધિકારી તેમજ ચુંટણી અધિકારીને ૪૮ વગેલા જિલ્લા પંચાયત સિટ ખાતે આવતાં રામપુરા, ઘોડીયા, વલેન્ડી, વખતપુરા, પીપલેટ, મેલાણીયા, થેરકા, લીલવા ઠાકોર સહિત આઠ બુથો પર બુથ કેપ્ચરીંગ સહિતના પ્રયાસોના અંદેશાના પગલે લેખિતમાં જાણ કરી હતી તેમ છતાંય આજરોજ ૪૮ વગેલા જિલ્લા પંચાયત સીટ હેઠળ આવતાં ઘોડીયા મત વિસ્તારમાં બુથ કેપ્ચરીંગમાં પુનરાવર્તન થતાં મતદારો સહિત લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

## સીંગવડ તાલુકાના તારમી અને છાપરી ગામે બીટીપી અને બીજેપી કાર્યકર્તા વચ્ચે છુટાહાથે મારામારી

સીંગવડ, સીંગવડ તાલુકાના સુડીયા જિલ્લા પંચાયત બેઠક હેઠળ આવતી તારમી તેમજ છાપરી ગામે બીટીપી અને ભાજપના કાર્યકર્તાઓ વચ્ચે છુટા હાથની મારામારી કરાઈ. જાણવા મળ્યા અનુસાર, સુડીયા જિલ્લા પંચાયત બેઠકમાં આવતી તારમી ગામે પ્રથમ ભાજપના કાર્યકરો દ્વારા બીટીપીના કાર્યકરો સાથે ઝપાઝપી તેમજ મારામારી કરી ગાડીઓને તોડફોડ કરી ત્યાંથી રવાના થઈ ગયાં હતા. ત્યારે બીજી તરફ બીટીપીના કાર્યકર્તાઓ છાપરી ગામે પહોંચી જઈ ભાજપના કાર્યકર્તાઓ સાથે મારામારી કરી કરી તેઓની ગાડીઓને પણ તોડફોડ કરી હતી. બંન્ને ઘટનાઓની જાણ પોલીસને થતાં પોલીસ બંન્ને ઘટના સ્થળ પર પહોંચી ગઈ હતી. જ્યા પોલીસે પણ તાત્કાલિક અટકાયતી પગલાં લેવાની તજવીજ હાથ ધરી છે.

## દેશહિત માટે મતદાન અવશ્ય કરવાનો સંદેશો આપતા સીંગવડના વયોવૃદ્ધ સીંગલીબેન માલીવાડ



દાહોદ, સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં વયોવૃદ્ધ નાગરિકો પણ મતદાન કરીને યુવાનો માટે પ્રેરણા બની રહ્યાં છે. સીંગવડ તાલુકાના તારમી ગામ ખાતેની પ્રાથમિક શાળામાં જીવનના આઠમાં દાયકે પણ સીંગલીબેન માલીવાડ મતદાન કરવા આવી પહોચ્યાં હતા. સીંગલીબેને જણાવ્યું કે, મતદાન એ આપણી પવિત્ર ફરજ છે. દેશહિત માટે મતદાન અવશ્ય કરવું જોઈએ. મારી ઘણી ઉંમર થઈ હોવા છતાં પણ હું કદી પણ મતદાન કરવાનું ચૂકતી નથી.

## અમદાવાદમાં એન્જીનિયરિંગનો અભ્યાસ કરતો નક્ષત્ર પ્રથમ મતદાન માટે ખાસ દાહોદ આવ્યો



દાહોદ, દાહોદના યુવાનોમાં ખાસ કરીને પ્રથમ વખત મતદાન કરનારા યુવાનોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દાહોદ શહેરનાં ૧૯ વર્ષના નક્ષત્ર સચિન દેસાઈ મતદાન કરવા માટે ખાસ અમદાવાદ થી દાહોદ આવીને પોતાનું પ્રથમ મતદાન કર્યું હતું. અમદાવાદની એલ.ડી. એન્જીનિયરિંગ કોલેજમાં ઈલેક્ટ્રોનીક્સ અને કોમ્યુનિકેશન કોર્સના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો નક્ષત્ર દેસાઈ જણાવે છે કે, મેં પ્રથમ વખત મતદાન કર્યું છે. દેશની લોકશાહી અખંડ રાખવા માટે મતદાન એ આપણી મહત્વની જવાબદારી છે. પ્રથમ વખત મતદાન કરીને મને દેશ માટેની ફરજ બજાવ્યા માટેનો અનેરો આનંદ થઈ રહ્યો છે.



સંત શિરોમણી ગુરૂ રવિદાસ વિશ્વ મહાપીઠ દાહોદ જિલ્લાના પ્રમુખ કિરણસિંહ ચાવડા જેસાવાડા જણાવતા આનંદ થાય છે કે દાહોદ જિલ્લામાં ગુરૂ રવિદાસ અંગે જાગૃતિ આવી. લીલવા ઠાકોર ઝાલોદ, શિંગવડ, જામ્બુઆ, વિજાગઢ જેવા અનેક ગામોમાં રવિદાસ જયંતિના કાર્યક્રમો યોજાયા. આપણા પાડોશી રાજ્યો રાજસ્થાન, કુશલગઢ અને મધ્ય પ્રદેશના ઝાબુઆ ખાતે ગુરૂ રવિદાસ જયંતિ ખૂબજ સુંદર રીતે શોભા યાત્રા, આરતી, ભજન-કીર્તન સ્તવન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રોહિત સમાજના આગેવાનો, બહેનો, યુવાનો, બાળકો ખૂબજ ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

## ટ્રાઈસીકલ લઈને મતદાન કરવા આવેલા દિવ્યાંગ મતદાર



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, લોકશાહી મૂલ્યોને જાળવવામાં મતદાન એ ખૂબ જ અગત્યની જવાબદારી છે. ત્યારે દિવ્યાંગ મતદારો પણ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં ઉત્સાહ સાથે જોડાઈ રહ્યાં છે. પોતાની શારીરિક અક્ષમતાને તેઓએ મતદાનમાં બાધક બનવા દીધી નથી. દાહોદ જિલ્લાના જેસાવાડા ખાતેના મતદાન મથકે મતદાન કરવા આવેલા ડાંગી ગવરસિંહ જવસિંહ બાળપણથી જ બંને પગે વિકલાંગ છે. તેમ છતાં તેઓ પોતાની ટ્રાઈસિકલ લઈને મતદાન કરવા આવી પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે, હું દરેક ચૂંટણી વખતે અવશ્ય મતદાન કરૂ છું. દેશના વિકાસ માટે યોગ્ય ઉમેદવારની પસંદગી મતદાન દ્વારા જ શક્ય છે.

## ઝાલોદના મીરાખેડી પાસે ભાજપ-કોંગ્રેસના સમર્થકો બાખડ્યાં : બે ગાડીઓમાં તોડફોડ

ઝાલોદ, દરેક ચુંટણીઓમાં દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકો હર હંમેશ ચર્ચાનું કેન્દ્ર રહે છે. ત્યારે ફરીવાર આજ મત વિસ્તારમાં મીરાખેડી ગામે ભાજપ અને કોંગ્રેસ પક્ષો વચ્ચે મારામારીના દ્રશ્યો સર્જાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. મળતી માહિતી પ્રમાણે છુટા હાથના મારામારીના દ્રશ્યોથી એકક્ષણે સ્તબ્ધતા વ્યાપી જવા પામી હતી. ત્યારે જોતજોતામાં બંન્ને પક્ષો વચ્ચે પથ્થરો વડે તેમજ લાકડીઓ જેવા હથિયારો સાથે મારામારી થતાં બે ગાડીઓને તોડફોડ પણ કરવામાં આવી હતી. આ ઘટનાની જાણ લીમડી પોલીસને થતાં પોલીસ ઘટના સ્થળ પર પહોંચી પરિસ્થિતીને કાબુમાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

રાજ્ય આજથી ૬૦ વર્ષથી ઉપરના વડીલોને અપાશે કોરોના વેક્સિન

## મુખ્યમંત્રી રૂપાણીએ ૬૦ લાખ જેટલા વરિષ્ઠ વડીલોને રસી લેવા કરી અપીલ




ગાંધીનગર, રાજ્યમાં કોરોના વેક્સિન વરિષ્ઠ નાગરિકો ૬૦ વર્ષથી ઉપરની વયના વડીલોને આજથી (૧ માર્ચ)થી આપવાનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતના ૬૦ લાખ જેટલા સૌ વરિષ્ઠ વડીલોને આ રસીકરણ અભિયાનનો લાભ લઈને કોરોના સામેની આપણી લડાઈના આ નિર્ણાયક અંતિમ તબક્કામાં પોતાનું યોગદાન અવશ્ય આપવા અપીલ કરી છે. મુખ્યમંત્રીએ આ અપીલ કરતા સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે સૌના આરોગ્યની ચિંતા કરીને કોરોના સામે શરૂઆતથી જ લોકસહ્યોગ અને આરોગ્ય કર્મીઓની કર્તવ્યનિષ્ઠાથી કોરોનાનો વ્યાપ વધતો અટકાવવામાં સફળતા મેળવી છે. હવે જ્યારે કોરોના સામે રસીકરણ અભિયાન પણ દેશભરમાં શરૂ થયું છે ત્યારે ગુજરાતના સૌ વરિષ્ઠ નાગરિકોના સહકારથી આપણું રાજ્ય એમાં પણ અગ્રેસર રહેશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો છે.

વિજય રૂપાણીએ જણાવ્યું છે કે રાજ્ય સરકારે આ રસીકરણ અભિયાનની સંપૂર્ણ તૈયારીઓ પૂરી કરી લીધી છે. રાજ્યભરની ૨૧૯૫ જેટલી સરકારી હોસ્પિટલ, આરોગ્ય કેન્દ્રો તેમજ ૫૩૬ જેટલા ખાનગી હોસ્પિટલ, દવાખાનાઓ મારફતે કોરોના રસીના ડોઝ આપવામાં આવશે. આ હેતુસર તાલીમ બદ્ધ ડોકટર્સ તેમજ પેરા મેડિકલ સ્ટાફ સહિત અંદાજે ૩૦ હજાર જેટલા માનવ બળની સેવાઓ ઉપલબ્ધ બનવાની છે. તેમણે એમ પણ જણાવ્યું છે કે આ રસી પૂરી રીતે સુરક્ષિત છે તેમજ તેની કોઈ આડ અસર પણ નથી જ.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૬૦ વર્ષથી વધુની વયના હરેક વડીલ આ રસીના બે ડોઝ અવશ્ય સમયસર લે અને પોતાની જાતને કોરોનાથી સુરક્ષિત બનાવે તેવો અનુરોધ પણ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ગુજરાત કોરોના સામેના જંગમાં સઘન આરોગ્ય સારવાર સુવિધાઓ ધન્વન્તરિ રથ, ૧૦૪ હેલ્પ લાઈન, વ્યાપક સરવેલન્સ સહિતના અનેક પરિણામકારી પગલાંઓ અને ઉપાયોથી દેશનું માર્ગદર્શક બન્યું છે.મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં ઉમેર્યું કે હવે સૌ વરિષ્ઠ વડીલો અવશ્યપણે રસીના ડોઝ લઈને હારશે કોરોના જીતશે ગુજરાતના મંત્રને સાકાર કરી કોરોના સામેની લડાઈના આ અંતિમ તબક્કામાં વિજય મેળવે.. મુખ્યમંત્રીએ રાજ્યના નાગરિકોને પણ હાર્દ ભરી અપિલ કરી છે કે પોતાના ઘર પરિવાર અને આસપાસના આવા વરિષ્ઠ વડીલોને રસીકરણ માટે તેઓ પ્રેરિત કરે અને કોરોના મુકત ગુજરાતના નિર્માણમાં યોગદાન આપે.

## મહીસાગર જિલ્લા-તાલુકા પંચાયતના ચૂંટણી નિરીક્ષક બ્રહ્મભટ્ટે વિવિધ મતદાન મથકોની મુલાકાત લીધી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા, ગાંધીનગર ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડના મેનેજીંગ ડીરેક્ટર અને મહીસાગર જિલ્લા/ તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી-૨૦૨૧ના ચૂંટણી નિરીક્ષક જી. પી. બ્રહ્મભટ્ટે આજે તા.૨૮-૨૦૨૧ના રોજ મહીસાગર જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૧ સંદર્ભે યોજાયેલ મતદાન દરમિયાન જિલ્લાના વિવિધ મતદાન મથકોની મુલાકાત લઈ કોવિડ-૧૯ની ગાઈલડલાઈન મુજબ થઈ રહેલ મતદાન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું. બ્રહ્મભટ્ટે તેમની આ મુલાકાત દરમિયાન આજના દિવસે તમામ નાગરિકોને પોતાના મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરી લોકતંત્રમાં તેમની સહભાગીતાની જવાબદારી નિભાવવા કહ્યું હતું.

## ગાંધીજી સાથે દાંડીકૂચમાં પણ ભાગ લેનાર વીરનગરના હીરાબાએ કર્યું મતદાન

રાજકોટ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આજે જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી છે. ત્યારે આજ સવારથી જ મતદારોની લાંબી લાઈન લાગી છે. ત્યારે યુવાનોને શરમાવે તેવા ૧૦૫ વર્ષના હીરૂબેને જસદણના વીરનગર ગામમાં મતદાન કરી મતાધિકારીનો ઉપયોગ કર્યો હતો. હીરૂબેન ગામમાં હીરાબાના નામથી ઓળખાય છે. હીરાબા હરજીભાઈ વઘાસીયાએ મતદાન કર્યા બાદ જણાવ્યું હતું કે, હું ગાંધીજી સાથે દાંડીકૂચમાં પણ ભાગ લીધો હતો. તેમજ એક પણ વખત હું મતદાન કરવાનું ચૂકી નથી. હીરાબા વઘાસીયા વીરનગર ગામની શાળામાં મતદાન કરવા આવ્યા હતા. પોતાના ઘરેથી ચાલીને મતદાન મથકે પહોંચ્યા હતા. તેઓ આજે પણ લાકડીના ટેકા વગર ચાલી શકે છે અને ઘરનું દરેક કામ હોંશે હોંશે કરે છે. હીરાબાના પતિ હરજીભાઈનું ૪૦ વર્ષ પહેલા થયું હતું. હીરાબાએ આજે ઘરમાં રહેલી પાંચમી પેઢીને પણ શીખ આપી હતી કે, લોકશાહીના પર્વમાં મતદાન અચૂક કરવું જોઈએ. ૧૦૫ વર્ષે પણ હીરાબાને કોઈ પણ જાતની બિમારી નથી. પોતે જ પોતાનું કામ કરી પરિવારને પણ મદદરૂપ બને છે. હીરાબાને સંતાનમાં પાંચ પુત્રી અને એક પુત્ર છે. જેમાં પુત્રમાં પ્રેમજીભાઈ, પુત્રીઓમાં જડીબેન, ફુલીબેન, કાશીબેન, રંભાબેન અને અંબાબેનનો સમાવેશ થાય છે.

## ગરબાડાના પાંચવાડા ગામે મતદાન કરીને પરત આવતાં રોડ ઉપર પડી જવાથી એક ઈસમનું મોત

ગરબાડા, ગરબાડા તાલુકાના પાંચવાડા ગામે મતદાન કરીને પરત આવતી વેળાએ રસ્તા ઉપર પડી જવાથી ઈજાઓ થતાં પંચાવન વર્ષીય ઈસમનું મોત નીપજ્યું હોવાની ઘટના બની છે. મળતી માહિતી મુજબ, આજરોજ સવારના અગિયાર વાગ્યાના સુમારે ગરબાડા તાલુકાના પાંચવાડા ગામના ૫૫ વર્ષીય મકનસીંગભાઈ મુળાભાઈ કળમી જેઓ સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પાંચવાડા પ્રાથમિક શાળામાં મતદાન કરવા માટે ગયા હતા અને મતદાન કરી પરત ઘરે આવી રહ્યા હતા. ત્યારે રસ્તામાં તેઓને આર.સી.સી.રોડની કોર્નરની પગે ઠેસ વાગતા તેઓ આર.સી.સી.રોડ ઉપર પડી ગયા હતા. જેના કારણે તેઓને શરીરે તેમજ માથાના પાછળના ભાગે ઈજાઓ થતાં તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ જતાં રસ્તામાંજ તેમનું મોત નિપજતા મકનસીંગભાઈની લાશને ગરબાડા સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવી હતી. આ ઘટના સંદર્ભે પાંચવાડા ગામના અનિલભાઈ જવસીંગભાઈ કળમીએ ગરબાડા પોલીસને જાણ કરતાં ગરબાડા પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 159

તા.૦૧/૦૩/૨૦૨૧
સોમવાર

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા નગર પાલિકાની ચુંટણીમાં

# મારામારીના હિંસક બનાવ વચ્ચે ૬૨.૯૮ ટકા મતદાન નોંધાયું

- ૩ વોર્ડમાં ટેકેદારો વચ્ચે બોલાચાલીને બાદ કરતાં એકંદરે શાંતિપૂર્ણ મતદાન.
- ૧૮૭ ઉમેદવારો મેદાનમાં હતા. સૌથી વધુ અપક્ષો જંગમાં.
- લાંબી કતારો સર્જાતા સાંજે છ કલાક બાદ પણ મતદાન ચાલુ રહ્યું.
- સાંજે ૪ કલાક બાદ ઉમેદવારો એ એડીચોટીનું જોર લગાડીને મતદારોને કેન્દ્ર સુધી ખેંચી લાવ્યા.
- ઈવીએમ મશીનમાં ઉમેદવારોનું ભાવિ સીલ થયું.
- મંગળવારે મતગણતરી પ્રક્રિયાને લઈને સૌની મીટ મંડાઈ.
- અત્યાર થી જ ઉમેદવારોને ટેકેદારો દ્વારા હાર-જીતના દાવા.
- વોર્ડ નં.૬ માં મારામારીમાં એક ઈજાગ્રસ્તે ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો : ઘટના સ્થળે કલેકટર અને ડીએસપીની ટીમ દોડી આવીને શાંતિનો માહોલ જાળવવાનો પ્રયાસ.

ગોધરા,

ગોધરા નગર પાલિકાની ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ૧૮૭ ઉમેદવારો વચ્ચે જામેલા જંગનો રવિવારના રોજ ખરાખરીનો જંગ જામ્યો હતો. પરંતુ વોર્ડ નં.૬માં મતદાનને લઈને ટેકેદારો વચ્ચે મારામારીની ઘટના થતાં ઈજા પામેલ એક ઈજાગ્રસ્તને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. વળી, આ સ્થળે કલેકટર અને ડીએસપીની ટીમ દોડી આવીને શાંતિનો માહોલ જાળવવાનો પ્રયાસ કર્યો હતો. વોર્ડ નં.૯, ૫,૧૧વોર્ડમાં બે ઉમેદવારોના જુથો વચ્ચે આંતરીક બોલાચાલી થયાના અહેવાલ વચ્ચે એકંદરે શાંતિપૂર્ણ મતદાન થઈને કુલ ૬૨.૯૮ ટકા નોંધાયું હતું. આ સાથે ઉમેદવારો અને ટેકેદારો દ્વારા અત્યારથી જ જુદા જુદા ગણિત માંડીને હારજીતના દાવા કરી રહ્યા હતા.

ગોધરા નગર પાલિકાની અગામી પાંચ વર્ષની મુદ્દત માટે ૧૧ વોર્ડની ૪૪ બેઠકો માટે ચુંટણી જાહેર થવાની સાથે ૪૪ બેઠકો માટે ૧૮૭ ઉમેદવારોએ ચુંટણી મેદાનમાં ઝંપ લાવ્યું હતું. અને ૧૧૨૮૯૮ કુલ મતદારો નોંધાયેલા હતા. જ્યારે સૌથી વધુ ૧૨૫ અપક્ષ ઉમેદવારોના રાફડા વચ્ચે ૨૪ ભાજપના, ૨૦ કોંગ્રેસના, બસપાના ૦૩ સાથે પહેલીવાર આપના ૦૭ અને AIMIMના ૦૮ ઉમેદવારોને એન્ટ્રી મારી હતી.જેમ જેમ ચુંટણી નજીક આવતી જતા તેમ તેમ પ્રચારપ્રસારનો માહોલ આગળ તેજ બનતો જતો હતો. અને પ્રચારના અંતિમ દિવસે ઉમેદવારો દ્વારા શામ-દામ-દંડ-ભેદ જેવી નીતિ અપનાવીને મતદારોને રીઝવવા માટેના પ્રયાસો કર્યા હતા. શનિવારે કતલની રાત હોવાથી ઉમેદવારો દ્વારા ખાટલા બેઠકોના દોર વચ્ચે પરિણામને પલટાવી દેવાના પ્રયાસો અજમાવીને રાજકીય સોગઠા ગોઠવ્યા હતા. ઉમેદવારો અને તંત્ર પણ ચુંટણી યોજવા સજજ બન્યું હતું. જેના ભાગરૂપ ગોધરા શહેરના વિવિધ વિસ્તારોમાં ઊભા કરાયેલા મતદાન કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સવારે ૭ કલાક થી મતદાન પ્રક્રિયા શરૂ થઈ હતી. શરૂઆતમાં ધીમી પ્રક્રિયા શરૂ થવાની સાથે બપોરે વિવિધ કેન્દ્રો ઉપર એકલદોકલ મતદારોની હાજરી વર્તાઈ હતી. ધીમું અને નિરસ્મય વાતાવરણ ના કારણે ઉમેદવારોમાં ચિંતા બેઠતા પોતાના મત વિસ્તારમાં ટેકેદારોને દોડાવીને ઘરે ઘરે ખાનગી વાહનો મૂકીને તેઓને મતદાન કરવા માટે કેન્દ્ર સુધી લાવવાની ફરજ પડી હતી. અને સમય મર્યાદા પૂર્ણ થવાની સાથે વિવિધ કેન્દ્રો ઉપર મતદારોના પ્રવેશ થતાં અને તેઓ મતદાન થી વંચિત ન બને તે માટે પ્રોસાઈડીંગ સ્ટાફ દ્વારા તમામ મતદારોને વારાફરતી મતદાન કરાવ્યું હતું. સાંજે ૬ કલાક સુધી કુલ ૬૨.૯૮ ટકા મતદાન નોંધાયું હતું. વોર્ડ નં.૬ માં ચુંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોના બે જુથો વચ્ચે મતદાન અંગેની રીસ રાખીને પહેલા બોલાચાલી બાદ સામસામે આવી ગયા હતા. શરૂઆતમાં બે જુથો વચ્ચે છુટા હાથે મારામારી થતાં એક વ્યકિતને ઈજા થતાં તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અચાનક મારામારીના હિંસક બનાવને લઈને આસપાસના વિસ્તારમાં પોલીસ ચોકી નં.૭ની સામે ઉત્તેજના ભર્યો માહોલ સર્જાતા કલેકટર અને જીલ્લા પોલીસ વડા પોલીસ બંદોબસ્ત સાથે સ્થળ ઉપર પહોંચી ગયા હતા અને શાંતિ જાળવવાના પ્રયાસ હાથ ધરવાની સાથે વધુ પોલીસનો બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો હતો. જોકે ગુજરાતના અન્ય નગર પાલિકા વિસ્તારો કરતા સુધારાજનક રહયું હતું. વોર્ડ નં.૯માં ઉમેદવારોના ટેકેદારો વચ્ચે મતદાનને લઈને અંદરોઅંદર બોલાચાલી થતાં ક્ષણિક વાતાવરણ તંગ બન્યું હતું. જોકે, બાદમાં ગણતરીની મીનીટોમાં આ લોકો સ્થળ છોડી દીધું હતું. જ્યારે વોર્ડ નં.૫ માં મતદાન પ્રક્રિયા ચાલુ હતી. દરમ્યાન ભાજપના ઉમેદવારનું બટન બરાબર દબાતું ન હોઈને વિલંબ થી અવાજ આવતો હોવાને લઈને અપક્ષ, કોંગ્રેસ તથા ભાજપના ટેકેદારો વચ્ચે આંતરિક ચર્ચાઓ ઉગ્ર ચાલી હતી.

જ્યારે વોર્ડ નં.૧૧ માં ભાજપના ઉમેદવારો વચ્ચે પેનલ તરફે મતદાન બાબતને લઈને બોલાચાલી થઈ હતી. જોકે બોલાચાલી દરમ્યાન ભાજપની પેનલના ઉમેદવારોના સમર્થકો એ મતદાતા કાપલીઓ ઉછાળી હતી. આમ, વિવાદને શાંત પાડયો હતો. બપોરના સમયે નગર પાલિકાના ૧૧ વોર્ડના નાયબ કાર્યપાલન ઈજનેરની કચેરી મતદાન મથકમાં મતદારોની લાંબા કતારો સર્જાઈ હતી. અને મતદાનનો સમય પૂર્ણ થતાં પ્રવેશ દ્વાર બંધ કરાઈને કતારમાં ઉભેલા મતદારોને ટોકન આપીને પ્રક્રિયા હાથ ધરવામાં આવ્યો હતો. જોકે, ગોધરા શહેરના વિવિધ મતદાન કેન્દ્રો ઉપર મતદારોને લઈને વિલંબ થી મતદાન પૂર્ણ થયું હતું. અને કોઈ મોટો અનિચ્છનીય બનાવ ન બનતાં પોલીસ તથા તંત્ર એ હાશકારો અનુભવ્યો હતો. તો બીજી તરફ અપક્ષ ઉમેદવારો એ માન્ય પક્ષોના ઉમેદવારોને હંફાવ્યા હોવાનું જાણવા મળે છે. મતદાન પૂર્ણ થવાની સાથે ઉમેદવારો તથા તેઓના ટેકેદારો વિવિધ ગણતરી મૂકીને હાર-જીતના દાવા કરી રહ્યા છે. આ સાથે ફરજ હાજર રહેલ પ્રોસીંડીગ સ્ટાફ અને પોલીસ દ્વારા ઈવીએમ જેવી સંવેદનશીલ તથા રેકર્ડ જેવી સમગ્ર સામગ્રીને લઈને મતગણતરી કેન્દ્ર ગુરૂ ગોવિંદ યુનિવર્સીટી સ્થિત પોલીટેકનીકમાં રાખવામાં આવ્યા હતા. અને અગામી મંગળવારના રોજ મતગણતરી હાથ ધરાઈને ઈવીએમમાં કેદ થયેલ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. હાલ પૂરતું ઉમેદવારોનું ભાવિ રહસ્યમય કેદ થયું છે.

### ગોધરા નગરપાલિકાના ૧૧ વોર્ડમાં થયેલ મતદાન

| ગોધરા | બેઠકો | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| નગરપાલિકા | ૪૪ | ૩૮૦૫૦ | ૩૩૦૫૪ | ૭૧૧૦૪ | ૬૨.૯૮ |

### શહેરા નગરપાલિકામાં થયેલ મતદાન

| શહેરા | બેઠકો | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| નગરપાલિકા | ૨૪ | ૬૭૦૪ | ૫૭૧૩ | ૧૨૪૧૭ | ૭૬.૮૭ |


### પંચમહાલ જીલ્લાની ૭ તાલુકા પંચાયત માટે થયેલ મતદાન

| તાલુકા | બેઠકો | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| ગોધરા | ૩૪ | ૭૩૭૩૮ | ૬૮૦૯૦ | ૧૪૧૮૨૮ | ૬૧.૦૩ |
| કાલોલ | ૨૨ | ૪૫૬૧૩ | ૩૯૩૦૬ | ૮૪૯૧૯ | ૬૬.૮૨ |
| હાલોલ | ૨૩ | ૪૩૮૯૪ | ૩૮૦૧૨ | ૮૧૯૦૬ | ૬૯.૪૩ |
| ઘોઘંબા | ૨૫ | ૪૮૬૨૮ | ૪૫૪૫૯ | ૯૪૦૮૭ | ૬૪.૯૬ |
| જાંબુઘોડા | ૧૬ | ૧૨૨૪૮ | ૧૧૨૯૦ | ૨૩૫૩૮ | ૭૫.૧૩ |
| મોરવા(હ) | ૨૪ | ૩૯૦૭૩ | ૪૧૭૯૨ | ૮૦૮૬૫ | ૫૯.૯૩ |
| શહેરા | ૧૯ | ૩૬૩૯૧ | ૩૨૬૬૬ | ૬૯૦૫૭ | ૫૯.૩૦ |

### પંચમહાલ જીલ્લા પંચાયત માટે થયેલ મતદાન

| | બેઠકો | પુરૂષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|
| પંચમહાલ | ૩૪ | ૨૯૫૫૬૩ | ૨૭૩૪૬૦ | ૫૬૯૦૨૯ | ૬૩.૬૪ |

# કાલોલ તાલુકાના શકિતપુરા વસાહત-૨માં ચુંટણી બહિષ્કાર : ૪૦૧ મતદારો માંથી માત્ર ૫૬ મત પડ્યા


તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકા અને જીલ્લા પંચાયતની ચુંટણીમાં શકિતપુરા વસાહત-૨ ના ૪૦૧ મતદારો એ ચુંટણી બહિષ્કારના નારા લગાવ્યા હતા. ચુંટણી બહિષ્કારથી ચિંતીત અને મામલતદાર અને પોલીસ કાફલો વસાહતમાં દોડી આવ્યો હતો. અને મતદાન કરવા માટે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમ છતાં કુલ ૪૦૧ મતદારો માંથી માત્ર ૫૬ મતદારો એ મતદાન કરીને પોતાનો અટલ ફેંસલો જાળવ્યો હતો.

કાલોલ તાલુકાના બાકરોલ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયતના મતવિસ્તારમાં કોવિડ-૧૯ ની ગાઈડ લાઈન મુજબ બુથ પર સેનેટાઈઝરની સુવિધા ઉપલબ્ધ કરી શાંતિની ગતિએ મતદારો દ્વારા મતદાન થતું હોય અને કાલોલ તાલુકાનું કુલ મતદાન બપોરના ૧ વાગ્યા સુધી ૩૯.૭૧ ટકા મતદાન જોવા મળ્યું હતું. જ્યારે કાલોલ જિલ્લા પંચાયત વિસ્તારમાં આવતા શકિતપુરા વસાહત-૨ ના બુથ પર સવાર થી બપોર સુધી ૪૦૧ મતદારો માંથી એક વાગ્યા પહેલાં એક પણ મતદારોનો મત

## મામલતદાર અને પોલીસ કાફલો વસાહતમાં દોડી આવ્યા


મતદાન મથકમાં નોંધાયો હતો નહીં. વસાહત વાસીઓમાં પોતાનાં પ્રશ્નો ને કારણે નારાજગી જોવાં મળી હતી. આવા ૦ મતદાન ને કારણે બહિસ્કાર કરતાં મતદારોને રીઝવવા કાલોલ સ્થાનિક તંત્ર સાથે પોલીસ કાફલો બાકરોલ જિલ્લા પંચાયત ના શકિતપુરા વસાહત-૨ માં પોંહચી ગયાં હતાં. તંત્ર કાલોલ મામલતદાર પી.એમ.જાદવ અને નાયબ પોલીસ અધિક્ષક એચ.એ.રાઠોડએ નારાજ મતદારો ને શાંતિ પુણે રીતે મતદાન કરવા સમજાવ્યા હતાં. તેમજ નર્મદા નિગમ સ્થાનિક અને વડોદરા સુધી નું તંત્ર દોડી મતદારો ને સાંભળ્યા હતાં. તંત્રના સમજાવ્યા પછી ૪૦૧ મતદારો માંથી બે મતદારોએ મતદાન કરી શ્રીગણેશ કર્યા હતા.જયારે અન્ય મતદારો તેમના મક્કમતા પકડી રાખી હતી.


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજીએ વાવડી બુઝર્ગ મતદાન મથકે મતદાન કર્યું.


તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા પાલિકાના વોર્ડ નં.૬ થી ૧૦માં વહેલી સવારથી મતદારોમાં મતદાન માટે ભારે ઉત્સાહ જોવા મળ્યો. મતદારો સવાર થી મતદાન માટે લાંબી કતારોમાં જોવા મળી.


સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણીમાં જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસ વડા એ મતદાન કર્યું. વોડ નં.૧૧ માટે તેલંગ હાઈસ્કુલ ખાતે કોવિડ ગાઈડ લાઈન અનુસાર મતદાન કર્યું હતું.


ગોધરા વોર્ડ નંબર ૧૧માં ૧૦૫ વર્ષની વૃદ્ધા લક્ષ્મીબેન મારવાડીએ મતદાન કર્યું. લક્ષ્મીબેનની છટ્ઠી પેઢી આજે મતદાન કરી રહી છે.

# શહેરામાં તાલૂકા અને જીલ્લા પંચાયત, નગરપાલિકાની ચૂટણીનું મતદાન શાંતિપુર્ણ માહોલમાં યોજાયું

શહેરા,

શહેરા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચુટણીનાં મતદાન પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શરૂ થયુ હતું. સવારથી સાત વાગે શરૂ થયેલા મતદાન મથકો ઉપર પહેલા ધીમું મતદાન શરૂ થયુ હતું. મતદાન મથકો ખાતે મતદાન શરૂ થયાના બે કલાક બાદ મતદારોની સંખ્યામાં વધારો જોવા મળ્યો હતો. નગરપાલિકાની ૬ વોર્ડ અને ૨૨ બેઠકો ઉપર તેમજ તાલૂકા પંચાયતની ૧૯ અને જીલ્લાની ૪ બેઠકો પર ઉત્સાહ પુર્વક મતદાન કરવા આવતા મતદારોની લાંબી લાઈનો મતદાન મથક ખાતે જોવા મળી રહી હતી. ગ્રામીણ વિસ્તારના મતદાન મથકોમાં પણ બપોરે મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળતો હતો. મતદાન મથકો પર કોરોના મહામારીને લઈને ખાસ વ્યવસ્થા ઉભી કરવામા આવી હતી.જેમા મતદારોના હાથ હેન્ડ સેનેટાઈઝર કર્યા બાદ, થર્મલ ગનથી તાપમાનથી ચકાસણી બાદ પ્રવેશ આપવામા આવ્યો હતો.આ સ્થાનિક સ્વરાજની ચૂટણીમાં ૬ વાગ્યા સુધીમા અંદાજીત મતદાન તાલુકા પંચાયતનુ ૫૮.૨૧ટકા જીલ્લા પંચાયતનું ૫૬.૧૪ ટકા મતદાન નોધાયું હતું. નગરપાલિકામાં ૭૮.૧૫ ટકા મતદાન નોધાયુ હતું. કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત રાખવામા આવ્યો હતો.

## શહેરાના મહેલાણ ગામના સીમલેટ બેટના મતદારો નાવડીમાં બેસી મતદાન કર્યું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના મહેલાણ ગ્રામ પંચાયત હેઠળ આવેલ સીમલેટ બેટ ના મતદારો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમા નાવડી માં બેસી ને મતદાન માટે આવ્યા હતા. ત્યાના લોકોનું કહેવું છેકે મતદાન અમે કરી એ છીએ પણ ચુંટણી પત્યા પછી નેતાઓ અમને ભૂલી જાય છે.

શહેરા તાલુકાના મહેલાણ ગ્રામ પંચાયત હેઠળ આવેલ સીમલેટ બેટ પાનમ નદીના વચ્ચે આવેલ હોવા સાથે ચારે બાજુ પાણીથી ઘેરાયેલું છે. અહી ૫૦ ઉપરાંત પરીવારજનો રહે છે.અહી ના ૨૦૦થી વધુ મતદારો દરેક ચૂંટણીમાં મતદાન અવશ્ય કરતા હોય છે. આ વખતની સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં પણ અહીના મતદારો પાનમ નદી ઉપર જળ યાત્રા નાવડીમાં કરીને મહેલાણ ખાતે આવેલા પ્રાથમિક શાળા ના મતદાન મથક ખાતે મતદાન કરવા માટે આવ્યા હતા. સીમલેટ બેટના લોકો નું કહેવું છેકે દરેક ચુંટણીમાં અમે મતદાન કરી છીએ પણ ચુંટણી પત્યા પછી નેતાઓ અમને ભૂલી જાય છે. તેમ છંતા અમે ચુંટણીમાં મતદાન તો કરી એ છીએ આ વખત નું ચૂટણી મા અમે જે કોઈ ઉમેદવાર આવે તેમની પાસે અમારી સમસ્યા હલ કરે તેવી આશા રાખી રહ્યા છે.

## શહેરાના નાડા ગામે મતદાન મથક પર બે વ્યકિતઓ વચ્ચે તકરાર થતાં પોલીસ વચ્ચે પડી છુટા પાડ્યા



શહેરા,

શહેરાના નાડા ગામમા સ્થાનિક સ્વરાજની ચૂંટણી નો માહોલ જામ્યો હતો.આ નાડા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણીનો ખરાખરીનો જંગ જામ્યો હતો. નાડા બ્રાન્ચ શાળા ખાતે આવેલ મતદાન મથકનો બે વ્યકિતઓ વચ્ચે બબાલ થઈ હોવાનો વીડિયો વાયરલ થવા સાથે બુથ ખાતે નો પોલીસ સ્ટાફ વચ્ચે પડીને છોડાવતા નજરે પડી રહયા છે.

મતદાન બુથ ખાતે બે વ્યક્તિઓ જે ઝગડો કરી રહયા તે ભાજપ અને કોંગ્રેસના હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યુ હતું. આ મતદાન મથક ખાતે થયેલ બબાલ બાદ પોલીસ પણ એક્શનમાં આવી ને કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે મતદાનના સમય દરમિયાન બુથ ખાતે કડક પોલીસ બંદોસ્તના ગોઠવી દેવામાં આવ્યો હતો.


કાલોલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ૫ જિલ્લા પંચાયત અને ૨૨ તાલુકા પંચાયતો માટે મતદાન પ્રક્રિયા વેહલી સવારથી જ હાથ ધરવામાં આવી હતી. જેમાં મતદાન મથકો પર પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન કાલોલ તાલુકાના બોરૂ ગામમાં કંઈક અલગ જ તસ્વીર જોવા મળી છે. જેમાં આજે લગ્ન કરીને નવી જિંદગી શરૂ કરવા જઈ રહેલા વરરાજાએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના બોરૂ ગામ ફીરોઝખાન કાદરખાન પઠાણે પહેલા મતદાન પછી લગ્ન એ ઉક્તિને સાર્થક કરતી હોય, તેમ પહેલા પોતાના મતાધિકારને પ્રાથમિક્તા આપી મતદાન મથકમાં મતદાન કરી લોકશાહીનો પર્વ ઉજવ્યો હતો આ વરરાજાની જાન જાંબુઘોડા ગામે જવાની હોય પોતે જાગૃત નાગરિક તરીકે ફરજ નિભાવી સાથે લોકોને મતદાન કરવાની અપીલ પણ કરી હતી.

# ગોધરાની દીકરીએ દીક્ષા ગ્રહણ કરતાં પહેલા પાલિકા ચૂંટણીમાં આપ્યો અંતિમ મત



ગોધરા,

ગોધરા શહેરની જૈન સંપ્રદાયની દીકરીએ દીક્ષા ગ્રહણ કરીને પવિત્ર પંથ ઉપર પગલાં માંડવા જઈ રહી છે. તેવા સમયે પાલિકાની ચુંટણીમાં પોતાનો અંતિમ તેવા પવિત્ર મત અધિકારનો ઉપયોગ કરીને એક નવી રાહ દર્શાવી હતી.

ગોધરા શહેરના જૈન સમાજના ચી.ધરા (કાંચી) મયુરભાઈ શાહે આજ રોજ દીક્ષા ગ્રહણ કરી હતી. જેમાં જૈન સંપ્રદાય દ્વારા આચાર્ય શીલચન્દ્ર સુરી મહારાજનું ભવ્ય સામૈયુ ગોધરા શહેર ના જૈન સોસાયટીથી શાંતિનાથ જૈન દેરાસર ખાતે કાઢવામાં આવ્યું હતું. આ. પ્રસંગે ગોધરા શહેરના જૈન સમાજના મોટી સંખ્યામાં બાળકો, વડીલો, ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ગોધરા જૈન સમાજના દ્વારા દીક્ષા લેતાં ચી.ધરા (કાંચી) મયુરભાઈ શાહનો આજે શહેરમાં ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેમાં દીક્ષાર્થીનો પરિવાર નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

જયારે ગોધરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં દીક્ષા ગ્રહણ કરનાર મુમુક્ષ બેન દ્વારા મતદાન કરવામાં આવ્યું હતું. વોર્ડ નં ૫ માં આવેલ કસ્બા મતદાનમથક પર મૂમુક્ષ ધારાબેન દ્વારા કરવામાં આવ્યું અંતિમ મતદાન. બે દિવસ બાદ મુમૂક્ષ ધારાબેન દ્વારા દીક્ષા ગ્રહણ કરવામાં આવનાર છે. લોકો દ્વારા મતદાનમથકે નારા લગાવીને મુમુક્ષના મતદાનને વધાવી લેવામાં આવ્યું હતું. મતદાન સૌ નાગરિકોનો અધિકાર હોવાની સાથે મતદાન કરવું ફરજ પણ ગણવામાં આવે છે. સાંસ્કારીક જીવન બાદ દીશાગ્રહણ કરીને ધર્મ માર્ગ આચરણ કરનાર જૈન સમાજની દીકરી એ દીશા ગ્રહણ કરવાના પવિત્ર ડગ માંડયા છે. તેવા સમયે પવિત્ર મતઅધિકારનો ઉપયોગ કરવાના ડગને પણ સૌએ વધાવી લઈને એક નમુનેદાર ઉદાહરણ પુરુ પાડયું છે.